# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦.

વેબસાઈટ્સ: **https://hc-ojas.gujarat.gov.in** તથા **https://gujarathighcourt.nic.in**

## જાહેરાત ક્રમાંકઃ આરસી/બી/૧૩૦૪/૨૦૨૬ (WM)

ગુજરાત હાઈકોર્ટમાં
**વાયરમેન (ગ્રુપ – C)**ની ભરતી

| **ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો** | | |
|---|---|---|
| શરૂ થતી તારીખ અને સમય | **તા. ૧૨/૦૮/૨૦૨૬** | **બપોરે ૧૨:૦૦ કલાકથી** |
| છેલ્લી તારીખ અને સમય | **તા. ૩૧/૦૮/૨૦૨૬** | **રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી** |

| **યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ** (**નોંધ:** અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે) | |
|---|---|
| **એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs)** | **૨૭/૦૯/૨૦૨૬** |
| **પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ** | **નવેમ્બર / ડિસેમ્બર – ૨૦૨૬** |

**અગત્યની નોંધઃ**

૧. સામાન્ય રીતે ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોય છે, જેને લીધે સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.**

૨. ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વગેરે માટે ઉમેદવારે હાઈકોર્ટ ખાતે ફોન ન કરતા, ઉપર દર્શાવેલ વેબસાઈટ્સ સમયાંતરે જોતા રહેવું.

ગુજરાત હાઈકોર્ટમાં **વાયરમેન (ગ્રુપ–C)**ની **૦૧ જગ્યા (પે મેટ્રીક્ષ – રૂ.૧૯,૯૦૦–૬૩,૨૦૦ + નિયમોનુસાર ભથ્થાઓ)**, સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે.

**નોંધ:–**

(૧) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર ગુજરાત હાઈકોર્ટને રહેશે.

(૨) **શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD) માટેની સૂચના:–**
**વાયરમેન**ની કામગીરીનો પ્રકાર જોતાં તેમજ 'ધી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ, ૨૦૧૬' ના સેક્શન–૩૪ અન્વયે કરેલ જોગવાઈ અનુસાર Locomotor Disability (LD) (except One Arm & One Leg) which includes cerebral palsy, Leprosy Cured (LC), Dwarfism (Dw), Acid Attack Victim (AAV) and Muscular Dystrophy, Deaf (D) and Hard of Hearing (HH), Spine Deformity (SD), Spinal Injury without any associate neurological / Limb Dysfunction (SI) ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

**શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD) ધરાવતા ઉમેદવારને મળવાપાત્ર** છૂટછાટ 'ધી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ, ૨૦૧૬' ની જોગવાઈઓ અનુસાર સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરાયેલ ૪૦% થી ઓછી શારીરિક અશક્તતા નહી હોવા અંગેનું માન્ય પ્રમાણપત્ર રજૂ કરવાને આધીન રહેશે.

## ૧. અનામત:

(ક) ફક્ત ૦૧ જગ્યા હોવાથી, અનામત નીતિ લાગુ પડશે નહીં અને પસંદગીના હેતુ માટે, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટેના માપદંડો બધા ઉમેદવારો પર લાગુ પડશે.

(ખ) મુળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ પરીક્ષા ફી ભરવામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

## ૨. યોગ્યતા/લાયકાત અંગેના ધોરણો:

(ક) **જરૂરી લાયકાત:** (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

(૧) ઉમેદવારે ઔદ્યોગિક તાલીમ સંસ્થા [Industrial Training Institute (ITI)]માંથી વાયરમેનનો કોર્સ પાસ કરેલ હોવા અંગેનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇએ.

(૨) ઉમેદવારને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું જોઈએ.

(૩) ઉમેદવાર સરકાર દ્વારા નિયત કર્યાનુસાર કોમ્પ્યુટર અંગેનુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

(ખ) કાર્યાનુભવ (**Work Experience**) :

ઉમેદવાર પાસે કોઈ પણ સરકારી ઉપક્રમ (Public Sector Undertaking) અથવા જાણીતી સંસ્થા / કંપનીમાં વાયરમેન તરીકેનો ઓછામાં ઓછો **૦૧ વર્ષનો કાર્યાનુભવ** (work experience) હોવો જરૂરી છે.

(ગ) **વયમર્યાદા** :-(ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

| ન્યૂનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

(ઘ) **વયમર્યાદામાં છૂટછાટ** :-

(૧) શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD), મહિલા (Women) અને માજી સૈનિક (Ex-servicemen)ના ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઈઓ / નીતિઓ અનુસાર જે તે જગ્યા માટે નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છૂટછાટ | માજી સૈનિક | જિલ્લા અદાલતો તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય (General), અનુસૂચિત જાતિ (SC),અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | - | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૩ વર્ષ | જિલ્લા અદાલતો તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓ માટે નીચે (ઘ)(૨)માં સૂચવ્યા અનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| મહિલા ઉમેદવારો (Women) | ૫ વર્ષ | | |
| શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD) | ૧૦ વર્ષ | | |

(૨) જિલ્લા અદાલતો તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે:

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં <u>વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો</u> બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

**<u>નોંધ:</u> ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ કોઈપણ ઉમેદવારની ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.**

## ૩. પરીક્ષા ફી અને ફી ભરવાની રીતઃ

(ક) **<u>પરીક્ષા ફીઃ</u>–** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય (**General**) | અ.જા. (**SC**) /અ.જ.જા. (**ST**) / સા.અને શૈ.પ.વર્ગ (**SEBC**) / શારીરિક અશક્ત/દિવ્યાંગ (**PwBD**)/ માજી સૈનિક (**Ex–Servicemen**) /આ.ન.વર્ગ (**EWS**)ના ઉમેદવારો માટે |
|---|---|
| રૂા.૧૦૦૦/– + બેંક ચાર્જીસ | રૂા.૫૦૦/– + બેંક ચાર્જીસ |

(ખ) **ફી ભરવાની રીત HC–OJAS પોર્ટલ ઉપર ઉપલબ્ધ "<u>Online Payment Instructions</u>" ઓપ્શન દ્વારા જોઈ શકાશે.**

## ૪. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણ |
|---|---|---|
| (ક) | એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) | ૧૦૦ |
| (ખ) | પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ | ૧૦૦ |

### (ક) એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) :

(૧) એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) કુલ ૧૦૦ ગુણની રહેશે.
(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે. જોકે ટેક્નિકલ શબ્દો અંગ્રેજીમાં હોઈ શકે છે.
(૩) દરેક ખોટા ઉત્તર દીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ ૦.૩૩ નકારાત્મક ગુણ રહેશે.
(૪) પરીક્ષાનો સમયગાળો ૦૨ કલાક (કુલ ૧૨૦ મિનિટ) નો રહેશે.
(૫) અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન |
| ૨ | ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન |
| ૩ | કોમ્પ્યુટરનું જ્ઞાન |
| ૪ | વાયરમેન ટ્રેડનું જ્ઞાન |

(૬) ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા માટે **એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs)** માં શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD) હેઠળ આવતા ઉમેદવારોએ ઓછામાં ઓછા **૪૫% ગુણ** અને અન્ય તમામ કક્ષાના ઉમેદવારોએ ઓછામાં ઓછા **૫૦% ગુણ** મેળવવાના રહેશે.

(૭) જો એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) માં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ માટે યોગ્ય / લાયક ગણવામાં આવશે.

(૮) એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) માં મેળવેલ ગુણને 'પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી' તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૯) એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૧૦) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા–જવાનું રહેશે.

(૧૧) એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) 'ઓ.એમ.આર. ( OMR )' દ્વારા અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરાયેલ અન્ય કોઈપણ માધ્યમથી લેવામાં આવશે. કોઈપણ સંજોગોમાં હેતુલક્ષી પ્રકારની પરીક્ષાની જવાબવહી/ઉત્તરવહીના રીચેકીંગ/રીએસેસમેન્ટ/ફેર મૂલ્યાંકન અંગેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

**(ખ) <u>પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ :</u>**

(૧) પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ કુલ **૧૦૦ ગુણની** રહેશે.
(૨) પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ અમદાવાદ ખાતે લેવી કે અન્ય કેન્દ્ર/સ્થળે લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે.
(૩) પસંદગી યાદી/પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માટે પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટમાં શારીરિક અશક્ત/દિવ્યાંગ (PwBD) હેઠળ આવતા ઉમેદવારોએ ઓછામાં ઓછા **૪૫% ગુણ** અને અન્ય તમામ કક્ષાના ઉમેદવારોએ ઓછામાં ઓછા **૫૦% ગુણ** મેળવવાના રહેશે.

**(ગ) ઉમેદવારે https://hc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી જે તે પરીક્ષાના એક સપ્તાહ અગાઉ ઈ–કોલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.**

## ૫. <u>પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી:</u>

(૧) પસંદગી યાદી/પ્રતિક્ષા યાદી, ઉમેદવારે પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટમાં મેળવેલ ગુણ અને મેરિટના આધારે, તૈયાર કરવામાં આવશે.

(૨) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂક, નિયત શરતોને આધીન, નિયત સમયમર્યાદામાં, નિયમોનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણૂકનો હક ગુમાવશે** અને હાઈકોર્ટ દ્વારા પ્રતિક્ષા યાદી મુજબ ઉમેદવારને નિમણૂક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૩) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદી/પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવાના હકદાર બનશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૪) પ્રતિક્ષા યાદી ૦૧ જગ્યા માટે તૈયાર કરવામાં આવશે તથા જો કોઈ ઉમેદવાર નિમણૂક માટે હાજર ન થાય અથવા જો કોઈ ઉમેદવારની ઉમેદવારી રદ થાય, ફક્ત તેવાં સંજોગોમાં જ તેનો અમલ કરવામાં આવશે. પ્રતિક્ષા યાદીનો સમયગાળો પ્રકાશિત થયાથી ૦૩ મહિના સુધી જ માન્ય રહેશે.

(૫) **પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઈટ્સ** ઉપર મૂકવામાં/પ્રસિધ્ધ કરવામાં આવશે.

## ૬. નિમણૂક માટેની અયોગ્યતા:

નીચે મુજબની વ્યકિત નિમણૂક માટે અયોગ્ય ગણાશે:

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તેવી વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેણે ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ–લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય,

(૬) ઉમેદવાર, જે કોઈપણ પરીક્ષા/ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય–સામ્રગી સાથે પકડાયેલ હોય.

## ૭. ઓનલાઈન અરજી કરવાની રીત:

(૧) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે સંપૂર્ણ અને વિગતવાર આ જાહેરાત ધ્યાનપુર્વક વાંચી અને સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ? તેની ચકાસણી કરી લેવા સલાહ સુચન આપવામાં આવે છે તથા ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણપણે સાચી હોવી જોઈએ.

જો કોઈ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઈ ઉમેદવારે પોતાની સામે થયેલ ફોજદારી/દીવાની ફરિયાદ સબંધિત મહત્વની વિગતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગુંચવણભરી આપેલ હોય અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી જે તે તબક્કે રદ કરવામાં આવશે. જો નિમણૂક પછી પણ આ પ્રકારની ખામી ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો તેની/તેણીની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલા લેવામાં આવશે.

(૨) **ઓનલાઈન અરજી કરવાની રીત HC–OJAS પોર્ટલ ઉપર ઉપલબ્ધ** "How to Apply – User Manual" **ઓપ્શન દ્વારા જાણી શકાશે.**

## ૮. સામાન્ય સૂચનાઓ:

(૧) હાઈકોર્ટની રોજબરોજની કામગીરીને અડચણ ન થાય તે માટે ઉમેદવારે સામાન્ય પૂછપરછ માટે ફોન દ્વારા અથવા રૂબરુમાં હાઈકોર્ટનો સંપર્ક કરવો નહીં. તેને બદલે હાઈકોર્ટની વેબસાઈટ્સ તથા SMS સમયાંતરે **ચેક કરતાં રહેવું.**

(૨) ઉપલી વયમર્યાદા/ફી માં છૂટછાટ માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC/ST/SEBC/PwBD, Ex-Servicemen & EWS** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ ખાતે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

(૩) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરી હશે અને સમય મર્યાદામાં નિયત ફી ભરી હશે તેની અરજી માન્ય ગણવામાં આવશે.

(૪) ઉમેદવારની યોગ્યતા અથવા કોઇપણ પરીક્ષામાં બેસવા/આપવા દેવા માટે હાઇકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઇકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર/કોલલેટર' ઇસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા/આપવા દેવામાં આવશે નહીં.

**(૫) હાઇકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, એલિમિનેશન ટેસ્ટ (હેતુલક્ષી પ્રકારની – MCQs) માં અને પ્રેક્ટિકલ (સ્કિલ) ટેસ્ટ માં હાજર રહેવા, ઉમેદવારે સ્વખર્ચે આવવા–જવાનુ રહેશે.**

(૬) ઉમેદવારે ઓનલાઇન અરજીનો નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે **https://hc-ojas.gujarat.gov.in** ના માધ્યમથી પરીક્ષા માટેનો પ્રવેશપત્ર / કોલલેટર, જે તે પરીક્ષાની તારીખના એક અઠવાડીયા અગાઉ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ ઉમેદવારની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS દ્વારા જાણ કરવામાં આવશે.

(૭) યોગ્ય ઉમેદવારોની યાદી હાઇકોર્ટ વેબસાઇટ તથા HC–OJAS પોર્ટલ ઉપર જે તે સમયે મૂકવામાં આવશે.

**નોંધ:** પરીક્ષાનો પ્રવેશપત્ર/કોલલેટર પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે,જેની ખાસ નોંધ લેવી.

(૮) ઉમેદવારે પરીક્ષા વખતે **પ્રવેશપત્ર/કોલલેટર અને નીચે પૈકી કોઇપણ એક ઓરીજનલ ઓળખકાર્ડ** લઇને આવવાનુ રહેશે.

**(ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાઇસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ)**

(૯) ઉમેદવારને **મોબાઇલ/સેલફોન/સ્માર્ટફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો, સ્ટોરેજ ડિવાઇસીસ કે અન્ય મટીરીયલ્સ** લઇ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઇ ફરમાવામાં આવે છે.

(૧૦) જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમિયાન કોઇ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવુ કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઇલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઇપણ વ્યક્તિની મદદ લેવી કે અન્ય કોઇ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તે ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઇકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૧) ભરતી પ્રક્રિયાના અંતે ઉમેદવારો (જેને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોય તે સિવાયના ઉમેદવારો) પરીક્ષામાં મેળવેલ ગુણ હાઇકોર્ટના OJAS પોર્ટલ **https://hc-ojas.gujarat.gov.in** ના માધ્યમથી પોતાના માર્કસ મેળવી/જાણી શકશે. ઉમેદવારે આ માટે ઉપર્યુક્ત **HC-OJAS** પોર્ટલના ઉપયોગ દરમિયાન, દરેક ઉમેદવારને તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર મોકલવામાં આવેલ **OTP (One Time Password)** નો ઉપયોગ કરવાનો રહેશે. ગેરલાયક ઠરાવેલ ઉમેદવારોને તેમના માર્કસ જણાવવામાં આવશે નહીં.

(૧૨) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવા હકદાર બનશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૧૩) ઉમેદવારોની જે તે યાદી (લીસ્ટ) તૈયાર કરવા માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાનો હાઇકોર્ટને અબાધિત હક રહેશે.

(૧૪) જ્યારે હોઇકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી/ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી 'Confirmed' **ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ** અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/ કેશ ચલણ / ફી ભર્યા અંગેનો પુરાવો' ની કોપી સાથે નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા **તે**

**પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ/સ્વ- પ્રમાણિત સુવાચ્ય નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનુ રહેશે.

(ક) ઓનલાઈન અરજીમાં અપલોડ કર્યો હોય તે/તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો **ફોટો** જે તે જગ્યા પર ચોંટાડવાનો રહેશે.

(ખ) **શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનુ પ્રમાણપત્ર.**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત (ફકરા નંબર ૨(ક) માં જણાવ્યા મુજબ) અંગેનુ માન્ય બોર્ડ/સંસ્થા તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક અને પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક (માર્કશીટ) અને **પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) ઉમેદવારે એપ્લીકેશનમાં દર્શાવેલ સંસ્થામા વાયરમેન તરીકે મેળવેલ અનુભવ અંગેનું સક્ષમ અધિકારી દ્વારા આપવામા આવેલ પ્રમાણપત્ર.

(ચ) **અનુ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના** ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ) તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા.અને શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોના કિસ્સામાં **ગુજરાત રાજ્ય સરકાર** ના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોના** કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર. જે પ્રમાણપત્રની માન્યતા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત જોગવાઈઓ મુજબની હોવી જોઈએ.

(છ) શારીરિક અશક્ત/દિવ્યાંગ ના કિસ્સામાં ૪૦% થી ઓછી શારીરિક અશક્તતા નહી હોવા અંગેનું સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ડિસએબિલિટી સર્ટિફિકેટ.

(જ) જો ઉમેદવાર સામે/દ્વારા કોઈ ફોજદારી/દીવાની/અન્ય કોઈ કેસ/ફરીયાદ દાખલ કરવામાં આવેલ/કરેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઈ.આર./ચાર્જશીટ/જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (આ અંગેની માહિતી ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(ઝ) **માજી સૈનિક** ઉમેદવાર ના કિસ્સામાં **ડીસ્ચાર્જ બુક, ઓળખકાર્ડ,** તેમજ સબંધિત તમામ **પ્રમાણપત્રો/દસ્તાવેજો,** વિગેરેની નકલ રજુ કરવાની રહેશે.

(ટ) રાજ્ય/કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં **અસલ (original) 'ના-વાંધા પ્રમાણપત્ર (NOC)'.**

(ઠ) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ./એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય** અંગેના **બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)** અને પ્રમાણપત્ર આપનાર ઉમેદવારના સગપણમાં ન હોવા જોઈએ.

(ડ) **જો નામ કે અટકમાં ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર (ગેઝેટ) ની નકલ.

(ઢ) સૂચના ક્રમાંક ૮ (૮) માં જણાવ્યા મુજબનું કોઈપણ એક **અસલ ઓળખપત્ર.**

(૧૫) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો / પ્રલોભનો /રજુઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૬) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ-લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

૯. **સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ભરતી અંગેની કોઈપણ પ્રકારની માહિતી માંગતી અરજી કે આર.ટી.આઇ. એક્ટ હેઠળની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**

**૧૦.** આ ભરતી સબંધિત તમામ બાબતે **નામદાર હોઈકોર્ટનો નિર્ણય આખરી** અને તમામ ઉમેદવારોને **બંધનકર્તા** રહેશે.

**હાઈકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦.**
**તારીખ: ૧૨/૦૮/૨૦૨૬**

**સહી/–**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ)**